312
15/7/12

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

# સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોનો

# સને ૨૦૦૫–૨૦૦૬ ના વર્ષનો

# અન્વેષણ અહેવાલ

પ્રતિ,
કુલ સચિવશ્રી
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા
અમદાવાદ.

જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, જિલ્લા પંચાયત બિલ્ડીંગ, છઠ્ઠો માળ,

લાલદરવાજા, અમદાવાદ – ૩૮૦ ૦૦૧.

—: અનુક્રમણિકા :—


| અ.નં. | ફકરા નંબર | ફકરાની વિગત | પાના નંબર |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૧ | હોદ્દેદારોની વિગત | ૧ |
| ૨ | ૨ | પૂર્વ અન્વેષણની વિગત | ૨ |
| ૩ | ૩ | સામાન્ય ભવિષ્યનિધિ ફંડની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં જમા રાખવા બાબત | ૪ |
| ૪ | ૪ | જી.પી.એફ. તથા સી.પી.એફ.ના બંધ ખાતાઓની સિલક આગળ ખેંચવા બાબત | ૫ |
| ૫ | ૫ | જી.પી.એફ. તથા સી.પી.એફ.ના નોમીનેશનમાં જણાયેલી અનિયમિતતાઓ બાબત | ૭ |
| ૬ | ૬ | સામાન્ય ભવિષ્ય નિધિ ફાળાની કપાતની રકમો તિજોરી ખાતેના પી.એલ.એ.માં વિલંબથી જમા કરાવવા બાબત | ૮ |
| ૭ | ૭ | મળવાપાત્ર વ્યાજ કરતાં સરકારશ્રીમાંથી વધુ વ્યાજ મળવા બાબત | ૧૦ |
| ૮ | ૮ | રાજય સરકારનું પ્રોવિડન્ટ ફંડ ભંડોળ સરકારશ્રીમાં આવક તરીકે જમા ન કરાવવા બાબત | ૧૧ |
| ૯ | ૯ | સામાન્ય ભવિષ્ય નિધિ ફાળાની રકમ જનરલ ફંડ ખાતે દર્શાવવા બાબત | ૧૨ |
| ૧૦ | ૧૦ | લેજર અને બ્રોડશીટ નિભાવવામાં જણાયેલી અનિયમિતતા બાબત | ૧૩ |
| ૧૧ | ૧૧ | યુનિવર્સિટીના કર્મચારીઓના સા.ભ.નિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા તથા મેળવણાંની પ્રથા અમલી બનાવવા અંગે | ૧૪ |
| ૧૨ | ૧૨ | જી.પી.એફ., સી.પી.એફ. કાઉન્ટર ફોઈલ્સ તથા ચેક રજિસ્ટરે જણાયેલી અનિયમિતતા બાબત | ૧૫ |
| ૧૩ | ૧૩ | કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી.પી.એફ. સિલકના તફાવત બાબત | ૧૭ |
| ૧૪ | | પ્રમાણપત્રો | ૧૮ |
| ૧૫ | | પત્રકો ૧ થી ૫ | ૧૯ થી ૨૩ |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સામાન્ય ભવિષ્ય નિધિના સને ૨૦૦૫–૦૬ના હિસાબનો અન્વેષણ અહેવાલ

---

**ક્રમાંક** : એલ.એ.એમ.ડી. /૩૨૨

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
જિલ્લા પંચાયત બિલ્ડીંગ, છઠ્ઠોમાળ,
અમદાવાદ.
તા.૨૬/૦૧/૧૨

**પ્રેષક :**
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
વિમા અને લેખા ભવન,
ડો. જીવરાજ મહેતા ભવન,
સેકટર–૧૦/ બી, જુના સચિવાલય,
ગાંધીનગર.

**પ્રતિશ્રી,**
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોનું સને ૨૦૦૫–૦ના વર્ષ માટેનું અન્વેષણ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ ધ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૪૯ ના નિયમ (૪૯) અન્વયે તા.૧૩/૯/૧૦ થી તા. ૨૮/૨/૧૧ દરમ્યાન હાથ ધરી પૂર્ણ કરેલ હતું.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતાં.

| ક્રમ | હોદ્દો | હોદ્દેદારનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | કુલપતિશ્રી | શ્રી એ. યુ. પટેલ | ૧/૪/૦૫ થી ૩૧/૩/૦૬ |
| ૨ | કુલસચિવશ્રી | શ્રી એમ. એસ. શાહ | ૧/૪/૦૫ થી ૪/૯/૦૫ |
| ૩ | કુલસચિવશ્રી | શ્રી બી. ડી. વનાર | ૫/૯/૦૫ થી ૩૦/૧/૦૬ |
| ૪ | કુલસચિવશ્રી | શ્રી એ. વી. ભંડારી | ૩૧/૧/૦૬ થી ૩૧/૩/૦૬ |

**ફકરા નંબર : ૨** **વિભાગ–૨**

પૂર્વ ઓડિટ

અગાઉના વર્ષના અન્વેષણ અહેવાલના બાકી ફકરાઓની પૂર્તતા તથા બાકી રહેલ ફકરાઓની વર્ષવાર માહિતી દર્શાવતું પત્રકઃ–

| અ. ન. | ઓડીટ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરા | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા | વર્ષના અંતે બાકી ફકરા | ફકરાની વિગત |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૧૯૭૯–૮૦ | ૨ | – | ૨ | ૫ અને ૭ |
| ૨ | ૧૯૮૦–૮૧ | ૧ | – | ૧ | ૧ |
| ૩ | ૧૯૮૧–૮૨ | ૩ | – | ૩ | ૨, ૪, ૬ |
| ૪ | ૧૯૮૨–૮૩ | ૧૦ | – | ૧૦ | ૧ થી ૧૦ |
| ૫ | ૧૯૮૩–૮૪ | ૭ | – | ૭ | ૧ થી ૫, ૯, ૧૦ |
| ૬ | ૧૯૮૪–૮૫ | ૧૧ | – | ૧૧ | ૧ થી ૬, ૯, ૧૧ થી ૧૪ |
| ૭ | ૧૯૮૫–૮૬ | ૧૧ | – | ૧૧ | ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૧ થી ૧૪ |
| ૮ | ૧૯૮૬–૮૭ | ૨ | – | ૨ | ૪ અને ૬ |
| ૯ | ૧૯૮૭–૮૮ | ૧ | – | ૧ | ૬ |
| ૧૦ | ૧૯૮૮–૮૯ | ૧૨ | – | ૧૨ | ૧ થી ૧૨ |
| ૧૧ | ૧૯૮૯–૯૦ | ૧૦ | – | ૧૦ | ૧ થી ૧૦ |
| ૧૨ | ૧૯૯૦–૯૧ | ૧૭ | – | ૧૭ | ૧ થી ૧૭ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૯૯૧–૯૨ | ૧૪ | — | ૧૪ | ૧ થી ૧૪ |
| ૧૪ | ૧૯૯૨–૯૩ | ૮ | — | ૮ | ૧ થી ૧૦ |
| ૧૫ | ૧૯૯૩–૯૪ | ૯ | — | ૯ | ૧ થી ૯ |
| ૧૬ | ૧૯૯૪–૯૫ | ૧૨ | — | ૧૨ | ૧ થી ૧૨ |
| ૧૭ | ૧૯૯૫–૯૬ | ૧૩ | — | ૧૩ | ૧ થી ૧૩ |
| ૧૮ | ૧૯૯૬–૯૭ | ૯ | — | ૯ | ૧ થી ૯ |
| ૧૯ | ૧૯૯૭–૯૮ | ૧૪ | — | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૦ | ૧૯૯૮–૯૯ | ૧૨ | — | ૧૨ | ૧ થી ૧૨ |
| ૨૧ | ૧૯૯૯–૦૦ | ૧૪ | — | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૨ | ૨૦૦૦–૦૧ | ૧૬ | — | ૧૬ | ૧ થી ૧૬ |
| ૨૩ | ૨૦૦૧–૦૨ | ૧૪ | — | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૪ | ૨૦૦૨–૦૩ | ૧૨ | — | ૧૨ | ૧ થી ૧૨ |
| ૨૫ | ૨૦૦૩–૦૪ | ૧૦ | — | ૧૦ | ૧ થી ૧૦ |
| ૨૬ | ૨૦૦૪–૦૫ | ૧૧ | — | ૧૧ | ૧ થી ૧૧ |
| | કુલ | ૨૫૫ | — | ૨૫૫ | |

આમ, ઉપરની વિગતો જોતાં અગાઉના વર્ષોમાં ફકરાઓના નિકાલ અંગે કોઈ જવાબો રજુ કરવામાં આવેલ ન હતાં. તેમજ અગાઉના વર્ષોનો રેકર્ડ જોતાં જે તે ઓડિટ દરમ્યાન જવાબો કરવાની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. જે ઘણી ગંભીર બાબત ગણાય.તો આ બાબતે યુનિવર્સિટી ધ્વારા સત્વરે જવાબો અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરાય તેવો ઓડિટનો અનુરોધ છે.

સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણના અંતે ઉપર જણાવેલ વિગતે કુલ ૨૫૫ ફકરાઓનો નિકાલ કરવાનો બાકીમાં છે. તો આ ફકરાઓના સત્વરે જવાબો કરી ઓડિટરને મોકલી આપવા વિનંતી છે.

**ફકરા નંબર : ૩**

સામાન્ય ભવિષ્યનિધિ ફંડની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમા રાખવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતાં પાકા સરવૈયામાં લેણાં બાજુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં રૂા.૧૦૪૯૯–૩૩ પૈસા સિલક દર્શાવેલ છે. સદરહું રકમ સને ૨૦૦૧–૦૨ થી વર્ષો વર્ષ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમા રકમ તરીકે આગળ ખેંચાતી આવે છે.

સરકારશ્રીના નિયમોનુસાર આ રકમ તિજોરી ખાતેના પી.એલ.એ. ખાતામાં જમા કરાવવાની રહે છે. તેમ છતાં કયા કારણસર બેંકમાં અલગ ખાતુ ખોલાવી રકમ જમા રાખવામાં આવે છે. તે અંગેની ઓડિટે સ્પષ્ટતા થવી ઘટે. અગાઉના વર્ષના ઓડિટમાં પણ આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

પ્રા.વાં.નં.૩૮ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૪**

**જી.પી.એફ. તથા સી.પી.એફ.ના બંધ ખાતાઓની સિલક આગળ ખેંચવા બાબત**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ માં દર્શાવેલ કર્મચારીઓના સી.પી.એફ. તથા જી.પી.એફ.ના હિસાબો હિસાબી વર્ષ દરમ્યાન કોઈપણ પ્રકારની લેવડદેવડ થયેલ ન હતી અને વ્યાજની ગણતરી વગર સદર ખાતાઓ બંધ હાલતમાં હતાં.

સામાન્ય રીતે આવા બંધ ખાતાઓમાં કોઈ કર્મચારી નિવૃત્ત થયેલ હોય અથવા રાજીનામું આપી છૂટા થયેલ હોય અથવા અવસાન પામેલ હોય તો આવા ખાતાઓની સિલક રકમનું પ્રિ–ઓડિટ કરાવ્યા બાદ આખરી ચૂકવણાં કરી તે ખાતાઓ બંધ કરવાના રહે છે. આમ, હોવા છતાં તમામ કર્મચારીઓના ખાતાઓ કોઈપણ પ્રકારની લેવડદેવડ વગર આગળ ખેંચવામાં આવે છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન સામેલ પરિશિષ્ટ–૧. માં દર્શાવ્યા મુજબ સી.પી.એફ.ના ૦૨ અને જી.પી.એફ.ના ૨૦ એમ કુલ મળીને ૨૨ ખાતાઓ બંધ હાલતમાં આગળથી ખેંચવામાં આવે છે. તો આવા બંધ ખાતાઓના હિસાબો સત્વરે બંધ કરવા માટે ઓડિટ નોંધ આપવામાં આવે છે. અગાઉના વર્ષોના અન્વેષણ અહેવાલમાં પણ આ બાબતે સંસ્થાનું ધ્યાન દોરવામાં આવતું હોવા છતાં આ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. તો આ બાબતે ઘટતી કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવી રહે.

પ્રા.વાં.નં.૨૦ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

## પરિશિષ્ટ-૧

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે જી.પી.એફ. તથા સી.પી.એફ.ના નિભાવવામાં આવતા બંધ ખાતાઓની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | ખાતા નંબર | કર્મચારીનું નામ | બંધસિલક |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| | | જી.પી.એફ.ખાતા | |
| ૧ | ૧૧૮૬ | શ્રી વાય. એન. ગઢવી | ૪૪૧૫૫/- |
| ૨ | ૮૫૬ | શ્રી જે. પી. એન. ચૌધરી | ૯૯૩૩/- |
| ૩ | ૭૫૧ | શ્રી જે. જે. મહેતા | ૨૫૪૯/- |
| ૪ | ૧૧૯૯ | શ્રી અમરેન્દ્ર નારાયણ | ૮૮૦૫/- |
| ૫ | ૧૨૩૧ | શ્રીમતી રશ્મી છાબરા | ૧૫૮૦/- |
| ૬ | ૧૩૦૫ | શ્રી રિયાઝ પરવેઝ | ૧૧૧૮૮૩/- |
| ૭ | ૧૦૮૯ | શ્રીમતી એમ. ગીતા રંગ | ૧૨૨૯/- |
| ૮ | ૧૧૧૫ | શ્રી ડી. એસ. કે. મૂર્તિ | ૩૩૭૮/- |
| ૯ | ૧૦૮૧ | શ્રી જી. બી. ડામોર | ૧૧૫૯૦/- |
| ૧૦ | ૧૦૬૯ | શ્રી એ. એસ. રૂબીન | ૧૫૮૧૪/- |
| ૧૧ | ૧૦૨૩ | શ્રી આઈ. એન. શેખ | ૫૭૪૯/- |
| ૧૨ | ૧૩૫૩ | શ્રીમતી ડી. એ. પદમાવતી | ૧૨૩૬/- |
| ૧૩ | ૬૭૮ | શ્રી ડી. સી. વાઘેલા | ૨૪૭/- |
| ૧૪ | ૮૧૭ | શ્રી એન. કે. વાકાણી | ૧૩૯૧/- |
| ૧૫ | ૧૨૯૫ | શ્રી એમ. આઈ. શાહ | ૧૧૬૭૭૩/- |
| ૧૬ | ૮૮૫ | શ્રી એમ. એમ. મહીડા | ૫૮૧૧૦/- |
| ૧૭ | ૧૧૧૮ | શ્રી ડી. એન. ચૌધરી | ૯૧૭૨૨/- |
| ૧૮ | ૧૧૧૬ | શ્રી બી. આર. શુકલ | ૪૨૪૮૯/- |
| ૧૯ | ૧૪૩૮ | શ્રી બી. ડી. ચોકસી | ૧૨૫૨૫/- |
| ૨૦ | ૧૧૭૭ | શ્રી એમ. આર. નાયક | ૩૨૯૧૫/- |
| | | સી.પી.એફ.ખાતા | |
| ૨૧ | ૧૦૫૧ | શ્રી આર. પી. સિંહા | ૧૧૨૩૩/- |
| ૨૨ | ૩૬૦ | શ્રી એચ. જે. તિવારી | ૯૫૦૬૯/- |

**ફકરા નંબર : ૫**

જી.પી.એફ. તથા સી.પી.એફ.ના નોમીનેશનમાં જણાયેલી અનિયમિતતાઓ બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી દરમ્યાન કર્મચારીઓના વારસ નિયુકિત અંગેની ફાઈલની ચકાસણી કરતાં આ બાબતેનું કોઈ રજિસ્ટર નિભાવવામા આવેલ નથી. જેથી તમામ કર્મચારીઓના નિયુકિત ફોર્મ ભરાયેલ છે કે કેમ તે અંગેની સંપૂર્ણ ખાત્રી થઈ શકેલ નથી તેમજ ભરાયેલ નિયુક્તિ ફોર્મ સક્ષમ અધિકારીની સહીથી પ્રમાણિત કરવામાં આવેલ નથી.

સરકારશ્રીના પ્રવર્તમાન સામાન્ય ભવિષ્યનિધિના નિયમોનુસાર સામાન્ય રીતે કર્મચારીના કુટુંબની વ્યાખ્યામાં આવતા કુટુંબના સભ્યના નામનું જ નિયુકિતપત્ર ભરવામાં આવે છે અને જો કર્મચારી કુટુંબ ધરાવતાં ન હોય તો જ અન્ય વ્યકિતના નામે નિયુકિતપત્ર ભરી શકાય છે. અને કુટુંબ અસ્તિત્વમાં આવતા આવું નિયુકિતપત્ર આપોઆપ રદ થવાપાત્ર છે. ઉપર મુજબ સરકારશ્રીની જોગવાઈઓ મુજબ નીચે જણાવેલ કિસ્સાઓમાં કર્મચારીએ તેના કુટુંબના સભ્યનું નામ ન ભરતાં અન્ય વ્યકિતનું નામ દર્શાવેલ છે. આ બાબતે સ્પષ્ટતા સહ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં આવા કર્મચારીઓનું કુટુંબ પ્રાપ્ત થયેલ હોય તેવા સંજોગોમાં આ નિયુકિત રદ કરી કુટુંબના સભ્યનું નોમીનેશન લીધેલ છે કે કેમ તેની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

| અ.નં. | એમ્પ્લોઈ નંબર | નિયુક્ત કરેલ સભ્યની વિગત |
|---|---|---|
| ૧ | ૬૩૮ | ભત્રીજો |
| ૨ | ૭૦૦ | ભત્રીજો |
| ૩ | ૧૦૪૩ | બહેન |
| ૪ | ૧૩૪૧ | ભાઈ |
| ૫ | ૧૩૯૫ | ભત્રીજો |
| ૬ | ૧૪૭૮ | ભાઈ |

પ્રા.વાં.નં.૩૯ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

ફકરા નંબર : ૬

સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની કપાતની રકમો તિજોરી ખાતેના પી.એલ.એ.માં વિલંબથી જમા કરાવવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતાં સામાન્ય ભવિષ્યનિધિના કર્મચારીઓના પગાર બીલમાંથી થતી જી.પી.ફંડની રકમ તિજોરી ખાતેના પી.એલ.એ. સદર ૮૩૩૬ સિવિલ ડિપોઝીટમાં જમા કરાવવામાં ાવે છે.

સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ નં.૧૦૭૯/ ૧૪૨૪/ ઝ/ તા.૨૩–૫–૭૯ ની જોગવાઈ મુજબ કર્મચારીઓના પગારમાંથી ભવિષ્યનિધિની કપાત કરાવવાની રહે છે. આમ નમુનારૂપ ચકાસણી કરતાં આ સાથેના સામેલ પરિશિષ્ટ–૨ માં દર્શાવેલ વિગતે કપાત કરેલ રકમો વિલંબથી ટ્રેઝરીમાં જમા કરાવવાને કારણે રૂા.૧૫૩૭–૦૦ નું વ્યાજનું નુકશાન થવા પામેલ છે. મહિનાની ૧૦ મી તારીખ પછી ટ્રેઝરીમાં જમા કરાવેલ રકમો ઉપર સરકારશ્રી તરફથી વ્યાજ મળવાપાત્ર નથી. તેમ છતાં તેની ચૂકવણી સંસ્થાએ સ્વભંડોળમાંથી કરવાની હોય છે. જેથી સંસ્થાને રૂા.૧૫૩૭–૦૦ નું આર્થિક નુકશાન થયેલ છે. તો જવાબદારની જવાબદારી નકકી કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૩૪ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

## પરિશિષ્ટ–૨

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની કપાત મોડેથી પી.એલ.એ. એકાઉન્ટમાં કરાવ્યાની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | માસ | તિજોરીમાં ૧૦ મી તારીખ પછી જમા કરાવેલ રકમ | | વિલંબના દિવસો | વ્યાજમાં પડેલ ખાધ |
|---|---|---|---|---|---|
| | | તારીખ | રકમ | | |
| ૧ | જૂન–૦૫ | ૧૪/૭/૦૫ | ૨૧૯૦૪.૦૦ | ૦૪ | ૧૯.૦૦ |
| ૨ | ઓગષ્ટ–૦૫ | ૧૨/૯/૦૫ | ૧૭૪૩૨.૦૦ | ૦૨ | ૭.૦૦ |
| ૩ | સપ્ટે.–૦૫ | ૧૪/૧૦/૦૫<br>૧૮/૧૦/૦૫ | ૮૪૯૫૩૦.૦૦<br>૧૭૪૭૨.૦૦ | ૦૪<br>૦૮ | ૭૫૫.૦૦<br>૩૧.૦૦ |
| ૪ | મે–૦૫ થી સપ્ટે.–૦૫ | ૨૦/૧૦/૦૫ | ૨૫૪૮૬૫.૦૦ | ૧૦ | ૫૬૬.૦૦ |
| ૫ | મે–૦૫ થી ઓકટો.–૦૫ | ૧૪/૧૧/૦૫<br>૧૫/૧૧/૦૫ | ૧૨૧૬૩૯.૦૦<br>૧૭૪૮૬.૦૦ | ૦૪<br>૦૫ | ૧૦૫.૦૦<br>૧૯.૦૦ |
| ૬ | નવે.–૦૫ | ૧૭/૧૨/૦૫ | ૧૭૫૧૧.૦૦ | ૦૭ | ૨૭.૦૦ |
| ૭ | ડિસે.–૦૫ | ૧૨/૧/૦૬ | ૧૭૫૧૮.૦૦ | ૦૨ | ૮.૦૦ |
| | | **કુલ** | | | **૧૫૩૭.૦૦** |

**ફકરા નંબર : ૭**

મળવાપાત્ર વ્યાજ કરતાં સરકારશ્રીમાંથી વધુ વ્યાજ મળવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાના કર્મચારીઓના જી.પી.એફ., સી.પી.એફ.ના હિસાબોની ચકાસણી કરતાં આ સંસ્થાના જી.પી.એફ. સી.પી.એફ. લેઝરોમાં નીચેની વિગતે વ્યાજ જમા લેવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| સને ૨૦૦૪–૦૫ જી.પી.એફ. લેઝરનું વ્યાજ | રૂા. | ૫૨૩૭૭૬૯.૦૦ |
| સને ૨૦૦૪–૦૫ સી.પી.એફ. કર્મચારી ફાળાનું વ્યાજ | રૂા. | ૨૦૫૭૪૪૫.૦૦ |
| સને ૨૦૦૪–૦૫ સી.પી.એફ. યુનિ. ફાળાનું વ્યાજ | રૂા. | ૧૨૪૦૮૪૩.૦૦ |
| લેઝર મુજબ મળવાપાત્ર વ્યાજ કુલ | રૂા. | ૮૫૩૬૦૫૭.૦૦ |
| સરકારશ્રીમાંથી પી.એલ.એ. એકા.માં મળેલ વ્યાજ | રૂા. | ૯૯૧૯૭૨૮.૦૦ |
| વધુ મળેલ વ્યાજ | રૂા. | ૧૩૮૩૬૭૧.૦૦ |

આમ, યુનિવર્સિટીના જી.પી.એફ./ સી.પી.એફ.ના હિસાબોમાં મળવાપાત્ર વ્યાજ કરતાં સરકારશ્રીમાંથી રૂા.૧૩૮૩૬૭૧.૦૦ નું વ્યાજ વધારે મળેલ છે. અસ્કયામત અને જવાબદારીના પત્રકમાં જવાબદારી બાજુએ આ રકમ કેમ દર્શાવેલ નથી તેની સ્પષ્ટતા કરવી. તો આ બાબતે ઘટતી કાર્યવાહી કરી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા.વાં.નં.૩૬ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૮**

રાજ્ય સરકારનું પ્રો.ફંડ ભંડોળ સરકારશ્રીમાં આવક તરીકે જમા ન કરાવવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ હતું કે તા.૩૧–૩–૦૬ ના હિસાબોના દેવા બાજુ રાજ્ય સરકારનું પ્રો.ફંડ ભંડોળ એકાઉન્ટ કોડ ૮૨૩૪૦૦૦ હેઠળ રૂા.૯૮૫૬૫૦૪–૪૫ દર્શાવેલ છે.

આ દાતાના કોડ નં.૮૨૩૪૦૦૦ ના વર્ષ દરમ્યાન મળેલ વ્યાજ અને કર્મચારીઓને ફાળવેલ વ્યાજની રકમ જમા ઉધાર કરવામાં આવે છે. અને વર્ષના અંતે રહેલી સિલક સરવૈયામાં દર્શાવેલ છે.

વધુમાં આ સદર હેઠળ છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન ૨૦૦૨–૦૩ ના વર્ષમાં રૂા.૬૭૬૬૫૫૭–૪૫ હતાં. તેમજ સને ૨૦૦૩–૦૪ ના વર્ષમાં રૂા.૮૦૭૦૮૧૬–૪૫, સને ૨૦૦૪–૦૫ માં રૂા.૮૭૨૩૯૯૭–૪૫ તથા સને ૨૦૦૫–૦૬ ના વર્ષમાં રૂા.૯૮૫૬૫૦૪–૪૫ સિલક દર્શાવેલ છે. આમ, આ વધારાની રકમ રાજ્ય સરકાર તરફથી વ્યાજની મળેલ હોય તેમ જણાય છે. કર્મચારીઓને ચૂકવવપાત્ર વ્યાજ સરકાર ધ્વારા ચૂકવવામાં આવતું હોઈ આ બચત રહેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની થાય તો આ મુજબ સત્વરે પૂર્તતા કરી આધારસહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૩૭ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૯**

સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની રકમ જનરલ ફંડ ખાતે દર્શાવવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતાં તા.૩૧–૩–૦૬ ના પ્રોવિડન્ટ ફંડ ફાળા એકાઉન્ટ સરવૈયામાં લેણાં બાજુ ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડની રકમ રૂા.૧૨૮૫૮૮૮૫૧–૮૯ પૈસા બતાવેલ છે.

સરકારશ્રીની સૂચના મુજબ પ્રોવિડન્ટ ફંડની કપાત કે અન્ય આવકની તમામ રકમ તિજોરી કચેરી ખાતેના પી.એલ.એ. ૮૩૩૬ એજ્યુકેશન (જનરલ પ્રો.ફંડ યુનિ.) સદરે જમા કરાવવાની રહે છે. જ્યારે યુનિવર્સિટીના છેલ્લાં ત્રણ વર્ષના વાર્ષિક હિસાબોમાં અનુક્રમે સને ૨૦૦૨–૦૩ માં રૂા.૧૧૪૨૬૦૫૬૨–૮૯ પૈસા, સને ૨૦૦૩–૦૪ માં રૂા.૧૨૩૧૦૧૨૮૨–૮૯ પૈસા તથા સને ૨૦૦૪–૦૫ માં રૂા.૧૨૦૯૧૨૪૯૬–૮૯ પૈસાની સિલક યુનિવર્સિટી જનરલ ફંડમાં લેણાં રહેલ છે.

આમ, સરકારશ્રીની સૂચના મુજબ પ્રોવિડન્ટ ફંડના નાણાં જનરલ ફંડમાં રાખવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. તથા હવે પછીથી આવી રકમો તિજોરી કચેરી ખાતેના પી.એલ.એ. ખાતામાં કરાવવા વિનંતી છે. આમ વાર્ષિક હિસાબમાં લેણાં બાજુ દર્શાવેલ છે જે જનરલ ફંડ બાજુ દર્શાવવાની રહે.

પ્રા.વાં.નં.૩૫ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

**ફકરા નંબર : ૧૦**

લેજર અને બ્રોડશીટ નિભાવવામાં જણાયેલી અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન જી.પી.એફ.ના હિસાબોની ચકાસણી કરતાં જી.પી.એફ. શાખામાં જી.પી.એફ.ના લેજરો અને બ્રોડશીટમાં સંસ્થાના જુદા જુદા વિભાગો મુજબ લેજર અને બ્રોડશીટમાં ખતવણું કરવામાં આવે છે.

જી.પી.એફ.ના બચતદારોના ખાતા નંબર, કર્મચારીના એમ્પ્લોઈ નંબર મુજબ લેજર/ બ્રોડશીટ નિભાવેલ છે. કર્મચારી કચેરીના વિવિધ વિભાગોમાં બદલીને પાત્ર હોવાથી એકબીજા વિભાગમાં બદલાતાં જે તે શાખામાં અનિયમિત અનુક્રમ નંબરના ખાતાઓ જોવા મળેલ છે. જેથી માસિક કપાતની રકમ પત્રકની રકમ જે તે લેજરમાં જોવામાં ઘણી જ મુશ્કેલી અનુભવાય છે. તો કચેરીએ પોતાના જી.પી.એફ.ની બ્રોડશીટ અને લેજર ખાતાઓના ક્રમ નંબરવાર આવે તેવી રીતે નિભાવવા જોઈએ એવું ઓડિટનું સૂચન છે. જેથી હિસાબોની નિભાવણીમાં અને ઓડિટવેળા સુગમતા રહે.

પ્રા.વાં.નં.૧૮ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

**ફકરા નંબર : ૧૧**

યુનિવર્સિટીના કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા તથા મેળવણાંની પ્રથા અમલી બનાવવા અંગે

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના અન્વેષણ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિને લગતાં રેકર્ડની ચકાસણી કરતાં જણાયેલ છે કે કર્મચારીઓના ભવિષ્યનિધિના હિસાબોની નોંધ દર્શાવતી પાસબુક નિભાવવામાં આવતી નથી. જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુ.સ.શ્રીના ના.વિ.ના ઠરાવ ક્રમાંક : જી.પી.એફ.–આર–૧૦૮૪–૮૨૯–ચ, તા.૧૧–૪–૮૫ના ઠરાવ અનુસાર વર્ગ–૩ ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા બાબતે આદેશ થયેલ છે. તા.૧–૪–૧૯૮૫ થી ઉકત પ્રથા અમલી છે. ઠરાવની શરતો (ક) થી (બ) માં જણાવ્યાનુસાર શરત (છ) દરેક નાણાંકીય વર્ષના અંતે ઉપાડ અને વહેંચણી અધિકારીએ દરેક પાસબુકમાં એવી મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે "દરેક નોંધો યોગ્ય રીતે કરવામાં આવે છે અને કોઈ નોંધ કરવાની બાકી રહેતી નથી."

નાણાં વિભાગના તા.૧૧–૩–૮૧ ના સરકારી ઠરાવ નં. પી.એફ.આર.–૧૦૮૧–૩૭૦–ચ માં જણાવ્યા મુજબ જી.પી.એફ.નું મેળવણું કરવાનું રહે છે. જેના માટે પાસબુકનો ઉપયોગ પણ થઈ શકે છે. અને જી.પી.એફ.ની સ્લીપમાં કોઈ ભુલ માલુમ પડે તો આવી ભુલ હિસાબના મેળવણાં વખતે પૂરેપૂરી વિગતો સાથે સ્લીપ ઈસ્યુ કરનાર ઓથોરીટીને પૂરી પાડવાથી જમા–ઉધારની બાકીઓનું મેળવણું કરી તફાવત દૂર કરી શકાય છે.

આમ, જી.પી.એફ.ની પાસબુક નિભાવવાની પ્રથા અમલી બને તો કર્મચારીને પોતાની જી.પી.એફ. હિસાબોની યોગ્ય અને સાચી જાણકારી મળી રહે. તેનો રેકોર્ડ વ્યવસ્થિત રહે. જેથી ઉકત પ્રથા અમલી બનાવવા ઓડિટ અનુરોધ છે.

પ્રા.વાં.નં.૧૧૯ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

ફકરા નંબર : ૧૨

જી.પી.એફ./ સી.પી.એફ. કાઉન્ટર ફોઈલ્સ તથા ચેક રજિસ્ટરે જણાયેલ અનિયમિતતાઓ બાબત

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫–૦૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન જી.પી.એફ./ સી.પી.એફ. ચેક કાઉન્ટર ફોઈલ્સ તથા ચેક રજિસ્ટરે નીચે મુજબની અનિયમિતતા જણાયેલ છે. જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧)

| અ.નં. | રદ કરેલ ચેક | ખુટતી વિગતો |
|---|---|---|
| ૧ | ૬૨૪૬૪૦ | રજિસ્ટ્રાર/ ઈ.ચા.રજિ.ની સહીઓ નથી. |
| ૨ | ૬૨૮૮૪૯ | –– સદર –– |
| ૩ | ૬૨૮૮૫૦ | –– સદર –– |
| ૪ | ૬૨૮૮૪૩ | –– સદર –– |
| ૫ | ૬૨૮૮૦૭ | ઈન્ચાર્જ રજિ.ની સહી છે. |

ઉકત કિસ્સાઓ નમુનારૂપ છે. આવા અન્ય તમામ કિસ્સાઓ જોઈ જવા. પૂર્તતા કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૨) ચેક રજિસ્ટરમાં લખેલ પરંતુ કાઉન્ટર ફોઈલ્સમાં નહી દર્શાવેલ ચેકો :–

| અ.નં. | ચેક નંબર | નામ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૬૨૮૮૧૨ | શ્રી આર. ટી. સુસરા | ૨૫૯૨૧/– | આખરી ઉપાડ |

– ઉકત રકમ તિજોરી ખાતે તા.૯–૧–૦૬ ના રોજ ઉધારેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૬૨૮૮૧૩ | શ્રી ઓ. પી. સકસેના | ૪૫૧૧૩૪/– | આખરી ઉપાડ |

– ઉકત રકમ તિજોરી ખાતે તા.૩૧–૧૨–૦૫ ના રોજ ઉધારેલ છે. તમામ કિસ્સામાં પૂર્તતા કરી ઓડિટે આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૩) નામમાં ફેર હોવા બાબત :–

| અ. નં. | નામ | હોદ્દો | વિભાગ | લોનનો પ્રકાર | ચેક નં. | રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી એમ. પી. સરસીટ | પટાવાળા | એકેડેમીક વિભાગ | પેશગી | ૬૨૬૯૩૨ | ૨૫૦૦૦ |

– ચેક શ્રી જે. પી. સરસીટના નામે લખેલ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨ | શ્રી યુ. એ. પટેલ | પટાવાળા | એકેડેમીક વિભાગ | અંશતઃ ઉપાડ | ૬૨૬૯૩૪ | ૫૦૦૦૦ |

– ચેકમાં શ્રી યુ. એસ. પટેલ નામ લખેલ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | શ્રી કે. સી. પટેલ | કો.ઓપરેટર | બી.કે.સ્કુલ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ | આખરી ઉપાડ | ૬૨૮૮૦૪ | ૧૦૧૮૭૭ |

– ચેક શ્રી રમેશ એમ. પટેલના નામે લખેલ છે.

ઉકત બાબતે આધારિત સ્પષ્ટતા થઈ આવવી ઘટે.

(૪) પ્રો.ફંડ ચેક રેકર્ડ બુક તથા ટ્રેઝરી સ્ટેટમેન્ટમાં જણાયેલી અનિયમિતતા બાબત.

ટ્રેઝરી સ્ટેટમેન્ટ તા.૧/૩/૦૬ થી ૩૧/૩/૦૬ માત્ર ચેક નં.૬૨૮૮૦૭ ખાતે રૂા.૫૦,૦૦૦/–ઉધારેલ છે. જે પ્રો.ફંડ ચેક રેકર્ડ બુકની ચકાસણી કરતા સંસ્થા ધ્વારા રદ કરેલ છે તે મતલબની નોંધ છે.

સંસ્થા ધ્વારા માહે–માર્ચ–૦૬ માં તા.૪/૩/૦૬ ના રોજ ચેક નં.૬૨૮૮૩૭ શ્રી એસ.આર.યાદવને ઈસ્યુ કરેલ છે જે ટ્રેઝરી સ્ટેટમેન્ટમાં ચેક નં. ૬૨૮૮૦૭ ખાતે ઉધારેલ છે તો આ બાબતે તિજોરીના હિસાબોમાં ચકાસણી કરી સુધારો કરી આગામી ઓડીટે ખાત્રી કરાવવી ઘટે.

**ફકરા નંબર : ૧૩**

કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી.પી.એફ. સિલકના તફાવત બાબત

આ સંસ્થાના સને ૨૦૦૫-૦૬ ના વર્ષના ઓડિટ દરમ્યાન સંસ્થાના કેશબુકમાં જી.પી.એફ.ની તા.૩૧-૩-૦૬ ના રોજની બંધસિલક રકમ રૂા.૧૨૮૫૮૮૫૧-૮૯ દર્શાવેલ છે. જયારે ટ્રેઝરી સ્ટેટમેન્ટ મુજબ બંધસિલકની રકમ રૂા.૧૨૪૪૫૯૨૭૯-૦૫ દર્શાવવામાં આવેલ છે. આમ, સંસ્થાની કેશબુક તથા ટ્રેઝરી પાસબુકની જી.પી.એફ. બંધસિલકના તફાવત રૂા.૪૧૨૯૫૭૨-૪૪ કેમ રહેવા પામેલ છે તે બાબતે તેમજ સિલકનું મેળવણું કરીને ઓડિટને આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

## <u>પ્રમાણપત્રો</u>

**ફકરા નંબર : ૧૪**

વાર્ષિક હિસાબોની કસોટીરૂપ ચકાસણી યુનિવર્સિટીએ નિભાવેલ સામાન્ય ખાતાવહી, અનામતો અને ઉપલક રકમોની નોંધ પ્રમાણપત્ર તેમજ બીજી રાખેલ નોંધ, પત્રકો કે જે ઓડિટ દરમ્યાન રજુ કરવામાં આવેલ હતાં. તેની સાથે તપાસ કરતાં આ અન્વેષણ અહેવાલમાં લેવામાં આવેલ વાંધા ફકરાઓને આધિન રહીને સાચા હોવાનું જણાયેલ છે.

**ફકરા નંબર : ૧૫**

આથી જણાવવામાં આવે છે કે, પ્રોવિડન્ટ ફંડના હિસાબોની નિભાવણી સંતોષકારક નથી. આ મહત્વના હિસાબોની નિભાવણી પ્રત્યે યોગ્ય લક્ષ્ય આપવામાં આવતું નથી. જે તાકીદે સુધારો માંગે છે.

**ફકરા નંબર : ૧૬**

આ ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો તૈયાર કરી મોકલી આપવા વિનંતી છે.

**ફકરા નંબર : ૧૭**

સામાન્ય વાંધાઓનું પત્રક નિભાવેલ નથી. હિસાબોને લગતાં પત્રક-૧ થી ૫ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

**ફકરા નંબર : ૧૮**

કુલ ૧૨ પ્રાથમિક વાંધા આપવામાં આવેલ હતાં. જેમાંથી ૬ પ્રાથમિક વાંધા ના જવાબો કરેલ હતાં. જે સંતોષકારક ન હોઈ માન્ય રાખેલ નથી.

**સ્થળપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.**

| | |
|---|---|
| જિલ્લા સહાયક નિરીક્ષક | નિરીક્ષક |
| સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ |
| અમદાવાદ | ગુજરાત રાજ્ય, ગાંધીનગર |

**પત્રક–૧**

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ભવિષ્યનિધિના સને ૨૦૦૫–૦૬ ના વર્ષની વાર્ષિક હિસાબોની તારીજ

| | |
|---|---|
| ઉઘડતી સિલક | ૧૧૨૦૮૦૬૯૦–૦૦ |
| **આવક** | |
| (૧) વર્ષ દરમ્યાન આવેલ ફાળાની કુલ રકમ | ૯૬૦૩૮૧૬–૦૦ |
| (૨) વર્ષ દરમ્યાન પેશગી વસુલાતની કુલ રકમ | ૧૮૬૫૩૩૦૦–૮૯ |
| (૩) અન્ય આવક (વ્યાજ સાથે) | |
| **કુલ:** | ૧૪૦૩૩૭૮૦૬–૮૯ |
| બાદ લોન ખાતું | ૧૧૭૪૮૯૫૫–૦૦ |
| **ખર્ચ** | |
| (૧) વર્ષ દરમ્યાન આપેલ પેશગી | |
| (૨) વર્ષ દરમ્યાન અંશત: અને આખરી ઉપાડ | |
| (૩) અન્ય ખર્ચ | |
| **બંધ સિલક** | **૧૨૮૫૮૮૮૫૧–૮૯** |

નોંધ :– યુનિવર્સિટી ધ્વારા બ્રોડશીટમાં લોન એકાઉન્ટ અલગ રાખી લોન એકાઉન્ટમાં જ કપાતો જમા કરવામાં આવતી હોઈ લોન ખાતાની બંધસિલક રૂા.૧૧૭૪૮૯૫૫–૦૦ બાદ કરવામાં આવેલ છે. જેથી પેશગી વસુલાતની રકમ જુદી દર્શાવવામાં આવેલ નથી.

**પત્રક-૨**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૫-૦૬ ના તા.૩૧-૩-૦૬ ના રોજનું વાર્ષિક સરવૈયુ દર્શાવતું પત્રક

| | જવાબદારીઓ | રૂપિયા | | અસ્કયામતો | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | આખીયા કાગળ (બોડશીટ મુજબ બચતદારોના નામે જમા રહેતી રકમ | ૧૧૮૬૬૯૭૬૨-૪૯ | ૧ | રોકાણો | - |
| ૨ | રાજ્ય સરકારનું પ્રો.ફંડ ભંડોળ | ૯૮૫૬૫૦૪-૪૫ | ૨ | કર્મચારીઓને આપેલ લોન | ૨૮૦૩૩૯૨-૦૦ |
| ૩ | ઉપલક સિલક | ૬૨૫૮૪-૯૫ | ૩ | કર્મચારીનું લોન ખાતુ | - |
| | | | ૪ | સરકારશ્રીમાંથી મેળવવાની બાકી વ્યાજની રકમ | - |
| | | | ૫ | ગુજ. યુનિવર્સિટી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાંથી ટ્રાન્સફર કરવાની રકમ | ૧૦૪૯૯-૩૩ |
| | | | ૬ | યુનિવર્સિટી જનરલ ફંડમાંથી તબદીલ કરવાની બાકી | ૧૩૧૫૦૫૨-૫૧ |
| | | | | - હાથ ઉપર સિલક | |
| | | | | - બેંકમાં સિલક | |
| | | | | - સરકારશ્રી તિજોરીમાંથી ડિપોઝીટ તરીકે જમા રહેલ સિલક (૮૩૩૬ ડિપોઝીટ જનરલ પ્રો.ફંડ) | ૧૨૪૪૫૯૨૭૯-૦૫ |
| | | | ૭ | ઉપલક હિસાબ સભ્યોને લોન | ૬૨૯-૦૦ |
| | | | | | |
| | | **૧૨૮૫૮૮૮૫૧-૮૯** | | | **૧૨૮૫૮૮૮૫૧-૮૯** |

## પત્રક-૩

### ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના વ્યાજની ગણતરી તથા સરકારી સંસ્થામાંથી મળેલ/ મેળવવાનું/ સરભર કરવાના વ્યાજની વિગત દર્શાવતું પત્રક

| અ નં | વર્ષ | બ્રોડશીટ કે લેજરને આધારે વ્યક્તિગત ખાતામાં એકંદરે જમા આપેલ કુલ વ્યાજ રૂા. | સરકારશ્રીમાંથી મેળવવાનું વ્યાજ જમા ઉધાર કરેલ રકમો સિલકના આધારે | સંસ્થાએ ભરપાઈ કરવાનું વ્યાજ સરકારમાં જમા ન કરાવેલ રકમોનું વ્યાજ | સરકારશ્રી તરફથી ખરેખર મળેલ વ્યાજ | સંસ્થાએ જમા કરાવેલ વ્યાજની રકમ | સરકારશ્રીમાંથી મેળવવાનું બાકી વ્યાજ/ મેળવેલ વધુ વ્યાજ | અગાઉના વર્ષોનું વધુ/ ઓછુ મળેલ વ્યાજમાંથી સરભર થયેલ વ્યાજ | હવે બાકી રહેલ સરભર કરવાનું વધુ ઓછુ વ્યાજ | સંસ્થા પાસેથી બાકી વસુલ લેવાનું બાકી વ્યાજ | આગલા વર્ષનું વસુલ લેવાનું બાકી વ્યાજ | વર્ષ ના અંતે સંસ્થા પાસેથી કુલ વસુલ લેવાનું વ્યાજ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૮૫૩૯૦૫૭ | - | - | ૯૯૧૯૭૨૮ | - | - | - | - | ૧૩૮૩૬૭૧ | - | ૧૩૮૩૬૭૧ |

8703801

[illegible] / 677 44

## પત્રક – ૪

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ૨૦૦૫–૦૬ વર્ષ દરમ્યાન સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવેલ રોકાણોની તારીજ અંગેનું પત્રક

| ક્રમ નંબર | રોકાણોની વિગત બેન્કનું નામ | રોકાણોની રકમ (સર્ટીફિકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ | રોકાણ પાકયા તારીખ | રોકાણ વટાવ્યા તારીખ | રોકાણની મુખ્ય રકમ ૮૩૩૬ સદરે જમા કરાવેલ | રોકાણના વ્યાજની રકમ ૦૦૪૯ સદરે જમા કરાવીને | રોકાણ જમા કરાવ્યા તારીખ | વિલંબથી જમા કરાવ્યા તારીખ | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | ——— શૂન્ય ——— | | | | | |

**પત્રક –૫**

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૫–૦૬
વણવટાવેલ રોકાણોની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | રોકાણોની વિગત બેંકનું નામ/ અન્ય સ્થળે | રોકાણ તેની રકમ (સર્ટીફિકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ | રોકાણ પાકયા તારીખ | પાકતી તારીખે મળવાપાત્ર રકમ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | ——— શૂન્ય ——— | | | |